દાખલ કર્યા તારીખ : ૦૨/૦૮/૨૦૨૧
રજી. લીધા તારીખ : ૦૨/૦૮/૨૦૨૧
ફેંસલ કર્યા તારીખ : ૨૭/૧૦/૨૦૨૧
અવધી વર્ષ માસ દિવસ
00 02 25

## ચોટીલાના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ચોટીલા

દિ.કે.નં.૩૫૨/૨૦૨૧
આંકઃ–૨૨

પી.જી.વી.સી.એલ. રાજકોટ
ચોટીલા સબ ડીવીઝન, ચોટીલા
વતી નાયબ ઈજનેર
શ્રી વી.આર.મીસ્ત્રી
ધર્મેઃ હિન્દુ, ઉ.વઆ.૩૯, ધંધોઃ નોકરી,
રહે. ચોટીલા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર ..........વાદી.

**વિરૂધ્ધ**

માવજીભાઈ ધમાભાઈ મકવાણા
ઉ.વ.૪૧, ધર્મેઃ હિન્દુ,
રહે. નાની મોરસલ, તા.ચોટીલા, જિ.સુ.નગર .........પ્રતિવાદી.

બાબતઃ દાવો **:–૧૩,૬૪૨–૫૩** પૈસા વસુલ લેવાનો

---

વાદી તરફે વિ.વ.શ્રી. એન.વી. શુકલ
પ્રતિવાદી તરફે એકતરફી

---

૧. આ કામે વાદીના દાવાની ટૂંકમા હકીકત એવી છે કે, વાદી વીજ કંપનીની મુખ્ય કચેરી રાજકોટ આવેલી છે અને તેની મુખ્ય ડીવીઝન ઓફીસ સુ.નગર આવેલી છે તેમજ સબ ડીવીઝન ચોટીલા મુકામે આવેલી છે. વાદી વીજકંપની ઈલેકટ્રીસીટી એકટ તથા ઈલેકટ્રીસીટી સપ્લાયર્સ એકટ મુજબ એક સ્ટેટયુટરી

લાયસન્સી વીજ કંપની છે. વીજળી વાપરનારા ગ્રાહકોને ધોરણસરના કાયદા અને કરાર મુજબ તથા કંપનીના વખતો વખતના નિયમો તથા શરતોને આધિન ઔધોગિક, ઘર વપરાશ, ખેતીવાડીના હેતુ માટે વીજળીનો પુરવઠો આપે છે. આ કામના પ્રતિવાદી વાદી વીજ કંપનીના ગ્રાહક નથી. આ કામના પ્રતિવાદીને વાદી વીજ કંપની તરફથી વીજ જોડાણ આપવામાં આવેલ નથી. તા.૨૪/૦૧/૨૦૧૯ ના રોજ પ્રતિવાદીના રહેણાંક સ્થળ ઉપર વાદી વીજ કંપનીના ચેકીગ પાર્ટીના અધિકારીશ્રીઓ ધ્વારા ચેકીગ કરતા માલુમ પડેલ કે " મકાનની નજીકમાં આવેલ એલ.ટી. પોલ સાથે પ્રાઈવેટ સર્વિસ વાયર ધ્વારા ડાયરેકટ લંગર નાખીને ગે.કા. વીજ વપરાશ કરતા પકડાયેલ છે અને ડાયરેકટ લંગર નાખીને ગે.કા રીતે વીજચોરી કરીને પંખા, ટીવી, સીએફએલનો ઉપયોગ કરી કુલ ૫૨૭ વોટ વીજળીનો ઉપયોગ કરેલ છે. જેથી સ્થળ ઉપર પ્રતિનિધિની હાજરીમાં ચેકીંગ શીટ તૈયાર કરવામાં આવેલ જેમાં હાજર પ્રતિનિધિએ સહી કરી આપવાની ના કહેતા સ્થળ પર રોજકામ કરવામાં આવેલ છે તેમજ લંગરનો વાયર કબજે લેવામાં આવેલ છે. ઉપરોકત હકીકતે પ્રતિવાદી વીજચોરી કરતા હોવાથી ગ્રાહકોને વીજ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનું વીજચોરીનું બીલ આપવામાં આવેલ. આ કામના પ્રતિવાદીને તેઓએ કરેલ વીજચોરીની રકમ રૂા.૧૦,૯૬૫–૨૫ પૈસા તથા ફેબ્રુઆરી–૨૦૧૯ થી જુન–૨૦૨૦ સુધીના ડીલે પેમન્ટ ચાર્જની રકમ રૂા.૨,૬૭૭–૨૮ પૈસા સહિત કુલ રકમ રૂા.૧૩,૬૪૨–૫૩ પૈસા ભરી આપવા માટે વાદી વીજ કંપની ધ્વારા પ્રતિવાદીને રજી.એ.ડી.થી બીલ તથા લીગલ નોટીસ મોકલી જાણ કરવામાં આવેલ છતા પણ પ્રતિવાદીએ રકમ ભરપાઈ કરી આપેલ નથી. આમ, પ્રતિવાદીએ આ રકમ વાદી કંપનીમાં ભરપાઈ કરી આપેલ નહી હોઈ પ્રતિવાદી પાસે વાદી કંપનીની વીજચોરીની બાકી રકમ વસુલ મેળવવા હાલનો દાવો કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી પાસેથી વીજચોરીની દાવા અરજીમાં જણાવ્યા મુજબની લેણી રકમ બાકી રહે છે તે રકમ વાદી કંપનીના નિયમ પ્રમાણે ૧૮ ટકાના ચડતા વ્યાજથી તથા ડીલે પેમન્ટ ચાર્જીસ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ થઈ શકે તેવુ હુકમનામું વાદી વીજ કંપનીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધ કરી આપવા અરજ કરેલ છે.

૨. સદર કામે પ્રતિવાદી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા, દાવા સમન્સની ધોરણસરની બજવણી પ્રતિવાદી ઉપર થયેલ છે, પરંતુ પ્રતિવાદી હાજર ન રહેતા, આંક–૦૧ નીચે હુકમ કરી પ્રતિવાદી વિરુધ્ધ હાલની કાર્યવાહી એકતરફીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. આ કામે વાદી તથા પ્રતિવાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

વાદી તરફે રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા

**મૌખિક પુરાવા :–**

(૧) આંક–૦૭ થી વાદી વી.આર.મીસ્ત્રીનું પુરાવાનું સોગંદનામું.

**દસ્તાવેજી પુરાવાઃ–**

(૧) આંક–૦૯ થી તપાસણી અહેવાલ

(૨) આંક–૧૦ થી રોજકામ તથા સ્થળ પરના ફોટા

(૩) આંક–૧૧ થી વસ્તુ કબજે કર્યા અંગેનું એનેક્ષર–૪

(૪) આંક–૧૨ થી કેલકયુલેશન શીટ

(૫) આંક–૧૩ થી વીજચોરી બીલનો ફોરવર્ડીગ પત્ર

(૬) આંક–૧૪ થી વીજચોરી બીલ

(૭) આંક–૧૫ થી પો.સ્ટે. આપેલ લેખિત ફરીયાદ

(૮) આંક–૧૬ થી એફ.આઈ.આર.

(૯) આંક–૧૭ થી વીજ કંપનીએ આપેલ લીગલ નોટીસ

(૧૦) આંક–૧૮ થી વકીલશ્રીએ આપેલ રજી. એ.ડી. નોટીસ

(૧૧) આંક–૧૯ થી ડી.પી.સી. કેલકયુલેશન શીટ

(૧૨) આંક–૨૦ થી પ્રફોર્મા નં.૧૨

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી અને આંક–આંક–૨૧ થી કલોઝીગ પુરસીસ રજુ રાખેલ છે.

૪. ઉપરોકત વિગતે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ આંક–૦૬ થી ઘડેલા છે.

**// મુ દા //**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દાવાવાળી લેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી લેણી રકમ ઉપર માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ અને હુકમનામું ?

૫. ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) અંશતઃ હકારમાં

(૩) આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**// કારણો //**

**<u>મુદા નં.૧</u>**

આ કામમાં વાદી તરફે વાદી વી. આર. મીસ્ત્રીનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું આંક–૦૭ થી રજૂ રાખેલ છે. જેમાં સાહેદે આંક–૦૧ની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો મુજબની હકીકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામાં ઉપરોકત પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે આંક–૦૯ થી આંક–૨૦ સુધી રજુ રાખેલ છે. વાદી સંસ્થાએ લીગલ નોટીસ મોકલેલ છતા વીજ ચોરીના બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવો આપેલ છે. જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઈ પૂરાવો પ્રતિવાદી તરફે રજુ કરેલ નથી. કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજુ કરી તે મુજબનો પુરાવો રજુ કરેલ નથી. વાદી સંસ્થા એ પબ્લિક એટ લાર્જના સિધ્ધાંતના ધ્યાને લઈ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઈ લેવા દેવા ના હોય યુકિત–પ્રયુકિત કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવું માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ. વિધાધારા ના કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરુધ્ધ યોગ્ય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે. જેથી મુદા નં. ૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદા નં.૨</u>**

આ કામે વાદી સંસ્થા દ્રારા વીજ ચોરીના બીલની રકમ તથા ડી.પી.સી. ચાર્જની રકમની ૧૮% ના વ્યાજ સહિત માંગણી કરેલ છે પંરતુ વાદી સંસ્થા આવો વ્યાજનો દર કઈ રીતે મેળવવા હકકદાર છે તે સંબંધી કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ વાદીના પુરાવાનું ખંડન કરતો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પુરાવાનું ખંડન કરવા પ્રતિવાદી અદાલત સમક્ષ પોતાનો મૌખિક પુરાવો રજુ કરવા હાજર રહેલ ન હોય વાદી સંસ્થા ડી.પી.સી.ની રકમ મેળવવા હકકદાર બને છે. પ્રતિવાદી બાકી લેણાની રકમ–૧૮ ટકા વ્યાજ તથા ડી.પી. સી. ની રકમ ચૂકવી આપે તેવી માંગણી કરેલ છે. પરતું વાદી સંસ્થાએ જાહેર જનતાના વિશાળ હિતમાં કામ કરતી હોય, દિવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ ની કલમ–૩૪ ને ધ્યાને રાખીને દાવા દાખલ તારીખથી વાર્ષિક ૦૬ ટકાના સાદા વ્યાજ સંબંધી હુકમ કરવો ઉચિત જણાતો હોય, આમ જયારે મુદા નં. ૧ વાદીની તરફેણમાં પુરવાર કરવામાં સફળ રહેલ છે ત્યારે તથા પ્રતિવાદી ધ્વારા યોગ્ય વાજબી બચાવની તક મળવા છતા પોતાનો પક્ષ રજુ રાખવામાં કે સાબીતીનો બોજો વાદીના શીરે તબદીલ કરવામાં કોઈ પ્રયત્ન કરેલ નથી ત્યારે આવા સંજોગોમાં વાદી મુદા

નં.૧ પોતાની તરફેણમાં પુરવાર કરવા સફળ નિવડેલ હોય માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે. જેથી મુદા નં. ૨ નો નિર્ણય અંશતઃ હકારમાં ઠરાવી મુદા નં.૩ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, વાદી વીજ કંપનીને વીજચોરીના બીલની રકમ રૂા.૧૦,૯૬૫–૨૫ પૈસા (અંકે રૂપિયા દસ હજાર નવસો પાંચઠ અને પચ્ચીસ પૈસા પુરા) તથા ડી.પી.સી.ની રકમ રૂા.૨,૬૭૭–૨૮ પૈસા પુરા (અંકે રૂપિયા બે હજાર છસો સત્યોતેર અને અઠીયાવીસ પૈસા પુરા) એમ કુલ રૂા.૧૩,૬૪૨–૫૩ પૈસા (અંકે રૂપિયા તેર હજાર છસો બેતાલીસ અને ત્રેપ્પન પૈસા પુરા) વાર્ષિક ૦૬ ટકાના વ્યાજથી દાવા દાખલ તારીખથી વસુલ થતાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચૂકવવામાં નિષ્ફળ નિવડે તો વાદી સંસ્થા આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકશે.

(૩) દાવાનો ખર્ચ જે તે પક્ષકારોએ ભોગવવાનો રહેશે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૭મી માહે ઓકટોબર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ચોટીલા.
તારીખ:૨૭/૧૦/૨૦૨૧

(ઈ.આર.ક્ષત્રિય)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ચોટીલા.
**(જજ કોડ–જીજે૦૧૧૯૭)**